પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૨ | ૨ એપ્રિલ, ૨૦૧૮, સોમવાર ; ચૈત્ર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કાશ્મીરમાં સેના આક્રમક : ૧૨ ત્રાસવાદી ઠાર

**બે જવાન શહીદ : એક આતંકી જીવતો પકડાયો : તમામ આતંકી સ્થાનિક હતા : હથિયારો જપ્ત : બાતમીના આધારે સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસનું સફળ ઓપરેશન : હિઝબુલનો કમાન્ડર પણ ફુંકાયો :ઓપરેશન ઓલઆઉટ જારી**



શ્રીનગર, તા. ૧

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોને આજે મોટી સફળતા હાથ લાગી હતી. ખીણના અનંતનાગમાં એક અને સોપિયનમાં બે જુદી જુદી અથડામણોમાં ૧૨થી વધુ ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. મોટી સફળતા સુરક્ષા દળોને મળી છે. કારણ કે ઠાર થયેલા ત્રાસવાદીઓમાં બે લેફ્ટી ઉંમર ફયાઝના હત્યારાઓ પણ હતા. અનંતનાગ અને સોપિયનમાં ત્રણ જગ્યાઓએ ઉપર મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. બે જવાનો પણ શહીદ થયા છે. કેટલાક જવાનો ઘાયલ પણ થયા છે. તમામ ત્રાસવાદીઓ સ્થાનિક હતા. ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા બાદ સોપિયનમાં સ્થાનિક લોકોએ પથ્થરબાજી કરી છે જેમાં ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

દેખાવકારોને દૂર કરવા માટે પેલેટગનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી હથિયારોનો જથ્થો મળી આવ્યો છે. અન્ય એક ત્રાસવાદીને જીવતો પકડી લેવામાં આવ્યો છે. ધરપકડ કરવામાં આવેલા ત્રાસવાદી ઈન્ડિયન મુઝાહીદીન સાથે જોડાયેલો હોવાના અહેવાલ મળ્યા છે. સુરક્ષા દળોએ અનંતનાગ અને સોપિયનમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળી હતી ત્યારબાદ સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર

● અનુસંધાન પાન-૭ પર

## ત્રાસવાદીઓને ઠાર કરાતા પથ્થરમારો

**પેલેટગનનો મારો ચલાવવાની ફરજ પડી : કાર્યવાહીમાં ૫૦થી વધારે લોકો ઘાયલ થયા : સોપિયન, અનંતનાગ, કુલગામ અને પુલવામામાં સ્થિતિ વિકટ બની**

શ્રીનગર,તા. ૧

જમ્મુ કાશ્મીરમાં સેના અને સુરક્ષા દળોએ ત્રણ મોટા ઓપરેશન પાર પાડીને ૧૨ આતંકવાદીઓને ઠાર મારી દીધા બાદ સોપિયન વિસ્તારમાં ઘણી જગ્યાઓએ સ્થાનિક લોકોએ તોડફોડ કરી છે. તમામ ત્રાસવાદીઓ સ્થાનિક હોવાથી ખીણમાં વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ હતી. સોપિયનમાં સ્થાનિક લોકોએ પથ્થરમારો કર્યો હતો જેમાં ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. દેખાવકારોને દૂર કરવા માટે પેલેટગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ખીણમાં વિરોધ પ્રદર્શનની સ્થિતિને ધ્યાનમાં લઈને અનેક જિલ્લામાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. સુરક્ષા દળો અને નાગરિકો વચ્ચે સંઘર્ષની શરૂઆત થતાં સ્થિતિ તંગ થઈ ગઈ હતી.



પોલીસના કહેવા મુજબ દ્રગડ, કચ્છદુરા અને સુગાન ગામમાં દેખાવકારોએ સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કર્યો હતો. સ્થિતિને કાબૂમાં લેવા માટે સુરક્ષા દળોએ ટીયરગેસના સેલ છોડ્યા હતા. પેલેટગનનો મારો ચલાવ્યો હતો. સોપિયન જિલ્લા હોસ્પિટલના તબીબોના કહેવા મુજબ ઘણા લોકોને શ્રીનગરમાં ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક ત્રાસવાદીઓને ઠાર કરાયા બાદ સોપિયન, અનંતનાગ, કુલગામ અને પુલવામામાં સ્થિતિ વિસ્ફોટક બની ગઈ હતી. સોપિયન એન્કાઉન્ટરના સમયે પથ્થરબાજોએ પથ્થરમારો ચલાવ્યો હતો. સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં દ્રગડ અને કચ્છદુરામાં એક-એક નાગરિકનું પણ મોત થયું છે. પથ્થરબાજી કરી રહેલા ૩૧ લોકોને ઈજા થઈ હોવાના સમાચાર મળી રહ્યા છે. માર્યા ગયેલા ત્રાસવદીઓના મૃતદેહોની ઓળખ કરી લેવામાં આવી છે અને તેમના પરિવારને સોંપી દેવામાં આવ્યા છે. સ્થાનિક લોકોમાં કટ્ટરપંથીઓ ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરી રહ્યા છે.

# ચીનની સરહદે ભારતે જવાનો તૈનાત કર્યા

**બ્રહ્મોસ મિસાઇલો ગોઠવી ચીનને જવાબ અપાયો : સરહદ ઉપર ચીની ગતિવિધિને ધ્યાનમાં લઇ પગલાઓ**

નવીદિલ્હી, તા. ૧

ચીનને જડબાતોડ જવાબ આપવા માટે ભારતે પણ કમરકસી લીધી છે. લડાખથી અરુણાચલ સુધી ચીની સરહદ ઉપર ભારતે મોટી સંખ્યામાં જવાનો તૈનાત કરી દીધા છે. બ્રહ્મોસ અને હોવિત્ઝર પણ તૈનાત કરવાનો નિર્ણય થઈ ચુક્યો છે. હથિયારોની સાથે જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. ભારત હવે ૧૯૬૨નું ભારત રહ્યું નથી. તે વખતે ચીનની સરહદ ઉપર ભારતની ડિફેન્સ લાઈન નબળી હતી. દૂરગામી વિસ્તારોમાં સૈનિકો તૈનાત હતા. ફોરવર્ડ પોસ્ટથી સંકલનનો અભાવ દેખાતો હતો પરંતુ હવે આ તમામ બાબતો ભૂતકાળ બની ચુકી છે. ચીન સાથે જોડાયેલી લડાખથી લઈને અરુણાચલ સુધી વાસ્તવિક સરહદ ઉપર ભારતીય સેના સંપૂર્ણરીતે ગોઠવી દેવામાં આવ્યા છે. સિક્કિમ-ભુટાન તથા તિબેટ વચ્ચે સ્થિત ડોકલામ પઠાર પર ચીન અને ભારતના સૈનિકો અગાઉ ૭૩ દિવસ સુધી આમને સામને રહ્યા હતા. એ વિવાદનો ઉકેલ આવી ચુક્યો છે પરંતુ હવે ભારતીય સેના સંપૂર્ણપણે તૈનાત છે. ભારતીય સેનાની સામે અનેક પડકારો રહ્યા છે. જો કે નબળા માર્ગો, બ્રિજ અને ઈન્ટરવેલી કનેક્ટીવીટી હજુ પણ નબળી છે.

હેલિકોપ્ટર, ડ્રોન અને બીજા હથિયારોનો જથ્થો ઓછો છે પણ ભારતીય જવાનોને નૈતિક જુસ્સો આસમાને છે. એટલું જ નહી ચીન સાથે જોડાયેલી ૪૦૫૭ કિલોમીટર લાંબી વાસ્તવિક અંકુશરેખા ઉપર ભારતે અતિઝડપથી લશ્કરી જવાનો ગોઠવી કાઢ્યા છે. ભારતે પૂર્વ લડાખ, સક્કિમમાં ટી-૭૨ ટેન્ક ગોઠવી દીધી છે.જ્યારે અરુણાચલમાં બ્રહ્મોસ મિસાઈલો

● અનુસંધાન પાન-૭ પર

## એમપીમાં કારની ટક્કરથી ઈમારત પડતા ૧૦ના મોત

ઈન્દોર, તા. ૧

મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં શનિવારે મોડી રાત્રે કારની ટક્કરથી એક ચાર માળની ઈમારત જે હોટલ તરીકે હતી તે ધરાશાયી થતાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થઈ ગયા છે અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. ધરાશાયી થયેલી ઈમારતના કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો ફસાઈ ગયા છે.

આ બનાવ સરવાતે બસ સ્ટેન્ડ નજીક બન્યો હતો. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે બનાવ અંગે દુખ વ્યક્ત કરીને મૃતકોના પરિવારના સભ્યોને બે-બે લાખ રૂપિયાની મદદ કરવાની તથા ઘાયલોને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સાક્ષીઓના કહેવા મુજબ મોડી રાત્રે આ બનાવ બન્યો હતો. કારની ટક્કર વાગતા ચાર માળની ઈમારત ધરાશાયી થઈ હતી. આસપાસની દુકાનોને પણ નુકસાન થયું હતું. બનાવ બન્યો ત્યારે હોટલમાં કેટલા લોકો હતા તે સંદર્ભમાં માહિતી મળી શકી નથી. શિવરાજસિંહ ચૌહાણ ઉપરાંત લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને પણ આ દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ છે. ઈજાગ્રસ્તોને તરત હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

# જીસેટ-૬એ સાથે સંપર્ક તુટ્યો

**મોબાઇલ પર હાઈસ્પીડ ઇન્ટરનેટ ઉપલબ્ધ કરાવવાના હેતુસર જીસેટ-૬એ લોંચ બાદ કલાકોમાં જ સંપર્ક તુટ્યો**



બેંગ્લોર,તા. ૧

ખુબ જ શકિતશાળી કોમ્યુનિકેશન સેટેલાઈટ જીએસ-૬એની ગુરુવારના દિવસે લોંચીંગ બાદ એક નિરાશાજનક સમાચાર આવ્યા છે. શનિવારના દિવસે ઈસરોનો આ ઉપગ્રહ સાથે સંપર્ક તુટી ગયો હોવાના અહેવાલ મળ્યા છે. આને વૈજ્ઞાનિકોની સાથે સાથે સશસ્ત્ર સેનાઓ માટે પણ એક મોટા ફટકા સમાન ગણવામાં આવે છે. ભારતીય સેના માટે દૂરસંચાર સેવાઓને મજબૂત કરનાર આ મહત્વકાંક્ષી જીસેટ-૬એનું ગુરુવારના દિવસે સાંજે હરિકોટાના લોંચ સેન્ટરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જો કે, ૪૮ કલાકથી પણ ઓછા સમયની અંદર આ મિશનને મોટો ફટકો પડ્યો છે. ઈસરો તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સફળતાપૂર્વક ઘણા સમય સુધી ફાયરિંગ બાદ સેટેલાઈટ ત્રીજા અને ચોથા તબક્કા હેઠળ પહેલી એપ્રિલ ૨૦૧૮ના દિવસે સામાન્ય ઓપરેટિંગ પ્રક્રિયામાં રહયા બાદ તેની સાથે સંપર્ક તુટી ગયો છે. સેટેલાઈટ જીસેટ-૬એ સાથે ફરી લીંક માટે પ્રયાસ થઈ રહ્યા છે. સૂત્રોના કહેવા મુજબ પાવર સિસ્ટમ ફેલ થવાના કારણે સંપર્ક તુટી ગયો છે. ગુરુવારના દિવસે લોંચિંગ બાદ પરિભ્રમણ ઓપરેશનની પ્રક્રિયા શુક્રવારે સવારે સફળરીતે પૂર્ણ કરાઈ હતી. ઉપગ્રહોના પૃથ્વીની નજીક અને સૌથી દૂરના સ્થળોને

● અનુસંધાન પાન-૭ પર

## સચિને સાંસદ તરીકે મળેલ ૯૦ લાખ પગાર વડાપ્રધાન રાહત ફંડમાં આપ્યો



ન્યુ દિલ્હી,તા.૧

ક્રિકેટના ભગવાન કહેવાતા અને તાજેતરમાં રાજ્યસભા સાંસદ તરીકે નિવૃત્ત થયેલા ભારતના પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરે તેના સાંસદ તરીકેના કાર્યકાળની સેલરી અને ભથ્થાં વડાપ્રધાન રાહત ફંડમાં આપી દીધા છે. છ વર્ષની ટર્મ દરમિયાન આશરે ૯૦ લાખ રૂપિયા સેલરી અને અન્ય માસિક ભથ્થા મળ્યા હતા.

વડાપ્રધાન કાર્યાલયે પણ સચિનની આ કામગીરીની નોંધ લઈ આભાર પત્ર લખ્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાને તેમના પ્રશંસનીય કાર્ય માટે આભાર વ્યક્ત કર્યો છે. તેમનું યોગદાન સંકટગ્રસ્ત લોકોને સહાયતા પહોંચાડવામાં ઘણું મદદગાર સાબિત થશે. તેંડુલકરે તેના સાંસદ ફંડનો સારો ઉપયોગ કર્યો હતો. તેના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ સચિને દેશભરમાં ૧૮૫ યોજનાઓને મંજૂરી અપાવવા તથા તેને ફાળવવામાં આવેલા ૩૦ કરોડ રૂપિયામાંથી ૭.૪ કરોડ રૂપિયા શિક્ષણ અને તેને સંલગ્ન માળખાગત સુવિધાના વિકાસમાં ખર્ચ કર્યાનો દાવો કરવામાં આવ્યો છે.

## મોબાઈલ નિર્માણના ક્ષેત્રે ભારત વિશ્વમાં બીજા ક્રમે

નવી દિલ્હી,તા. ૧

ચીન બાદ ભારત સૌથી વધારે મોબાઈલ બનાવનાર દેશ તરીકે છે. ઈન્ડિયન સેલ્યુલર એસોસિએશન દ્વારા દૂરસંચાર પ્રધાન મનોજ સિંહા અને માહિતી ટેકનોલોજી પ્રધાન રવિશંકર પ્રસાદ સાથે વહેંચવામાં આવેલી માહિતીમાં આ મુજબની વાત કરી છે. ભારતે હેન્ડસેટ ઉત્પાદનના મામલામાં વિયેતનામને પછડાટ આપી દીધી છે. આઈસીએના રાષ્ટ્રીય અધ્યક્ષ પંકજ મહેન્દ્રુએ બંને પ્રધાનોને લખેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ભારત મોબાઈલ બનાવવાના મામલામાં બીજા ક્રમે છે. ભારતમાં મોબાઈલ ફોનનું વાર્ષિક ઉત્પાદન ૨૦૧૭માં ૧.૧ કરોડ સુધી પહોંચી ગયું છે. વિયેતનામને પછડાટ આપીને ૨૦૧૭માં ભારતે મોટી સફળતા હાંસલ કરી છે.

## વાહન કંપનીઓ નંબર પ્લેટો સાથેની કાર લાવશે : નીતિન ગડકરી

**ખરીદનારને મોટી રાહત આપવાનો સરકારનો હેતુ : પ્લેટની કિંમતને કારની કિંમતમાં સામેલ કરાશે : ગડકરી**

નવીદિલ્હી,તા. ૧

વાહન બનાવનાર કંપનીઓ ટૂંક સમયમાં જ નંબરપ્લેટ લાગેલી કાર લાવશે. વાહનોની કિંમતમાં નંબર પ્લેટની કિંમતને સામેલ કરી લેવામાં આવશે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ આ મુજબની માહિતી આપી છે. વાહનોના નંબર પ્લેટ હાલના સમયમાં જુદા જુદા રાજ્યો દ્વારા જુદી જુદી નક્કી કરવામાં આવેલી એજન્સીઓ પાસેથી ખરીદવામાં આવી છે. ગડકરીનું કહેવું છે કે, લાયસન્સ પ્લેટ જેને સાદી ભાષામાં નંબર પ્લેટ કહેવામાં આવે છે. વાહનની નોંધણી નંબર લખીને વાહનમાં ગોઠવવામાં આવે છે. ગડકરીનું કહેવું છે કે, અમે મહત્વપૂર્ણ નિર્ણય કરવા જઈ રહ્યા છે. હવે મેન્યુફેક્ચર્ડ પ્લેટ લગાવીને

● અનુસંધાન પાન-૭ પર

1 Day free Workshop
on
Career Guidance
Useful for B.Com / BBA and BE Graduate students
Date : 3rd APRIL 2018
Time : 09.30 AM to 03.00 PM
Registration : Free
: Venue :
Shri Jairambhai Patel institute of business management
Nr. Indroda Circle, Gandhinagar
Call on 9925450350 for registrations
WebSite : www.nicm.coop

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.
લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી
નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

SWIGGY FOOD DELIVERY APP ફુડ ડિલિવરી
WALK IN INTERVIEW
Gandhinagar & Ahmedabad
01 April to 8 April • સવારે ૯ થી સાંજે ૬
લેડીઝ / જેન્ટસ માટે નોકરીની ઉત્તમ તક
જોઈએ છે ફુલ / પાર્ટટાઈમ
ફુડ ડિલિવરી એક્ઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે)
₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • સાયકલ - ટુ વ્હીલર
આધાર • એન્ડ્રોઈડ મોબાઈલ • પાનકાર્ડ જરૂરી
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
SWIGGY SNO Office to
એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેક્ટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265